RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૦૫ તા.૨૬–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)
ઈ.ચા. સ્ટોર સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૪–૧૦–૧૧ની અરજી થી મુદ્દા નં.૧ શ્રી પી.ડી.મુન્શી સ્ટોર સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી આપશ્રીએ અમો અરજદારની આગળની આરટીઆઈ એકટની હેવી વ્હીકલ ડ્રાઈવરોની માહિતી આપેલ નથી અને તા.૩૦–૯–૧૧ ના પત્ર નં.સી.એસ /૪૪૪ થી માહિતીમાં 'નીલ' ડ્રાઈવર માંગવામાં આવેલ માાહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૬–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૦૫/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૪–૧૦–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે અપારદર્શી, અયોગ્ય અને અસત્ય માહિતીથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તેમજ પૂર્વ સંદર્ભ સરખી માહિતી અંગે હોય તો સ્પષ્ટ કરવા. વધુમાં અરજદાર નિયત ફી ભરપાઈ કરી માહિતી મેળવી ગયેલ છે/ પુરી પાડેલ છે કે કેમ ? તે પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૩૮૬ તા.૪–૧–૧૨ થી પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ), ઈ.ચા. સ્ટોર સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર) તથા અરજદારે મુળ અરજીની માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત જણાવેલ ન હોઈ તે રજૂ કરવા સાથે મુદ્દાવાર જાહેર માહિતી અધિકારી દીઠ નારાજગીની વિગતો આધાર સહ મળેલ માહિતી પૂરતું રજૂ કરવા તેમજ જાહેર માહિતી અધિકારી કક્ષાએ ફી ભરી માહિતી તેમણે મેળવેલ છે કે કેમ ? તે પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં. જાવક/જીએડી/ઈએસટી/૩૪૩૩ તા.૧૩–૧–૧૨ થી નોંધ વિભાગ, જહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/જાવક/ ૧૩૮૪ તા.૨૪–૧૦–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/ ૨૭૬૬ તા.૧૮–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/ ૨૭૬૭ તા.૧૮–૧૧–૧૧ થી દસ્તાવેજી ફી ભરવા જાણ કરતા પત્રની નકલ, અરજદારે ફી ભરપાઈ કરી નકલ પુરી પાડતા પત્ર નં.૨૮૧૬ તા.૨૨–૧૧–૧૧ ની નકલ, ડ્રાઈવરની ઉપલબ્ધ પ્રતિક્ષાયાદી માંથી નિમણુંક આપવા બાબતના તા.૪–૨–૧૧ના રીપોર્ટની નકલ, નં.જીએડી/ઈએસટી/૪૦૨૬ તા.૨૫–૨–૧૧ ના કચેરી હુકમની નકલ, ૯૩ ડ્રાઈવરોની પતિક્ષાયાદીની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી તા.૩–૯–૧૧ ની અરજી તબદીલ કર્યાના પત્રની નકલ, અરજદારની તા.૨–૯–૧૧ ની મુળ અરજીની નકલ, અરજદારની તા.૨–૯–૧૧ ની અરજી અંગે આપેલ માહિતીના પત્રની નકલ, ૧૩૬ ડ્રાયવરોને નિમણુંક આપવા બાબતના રીપોર્ટની નકલ, નોંધ વિભાગ, ડ્રાઈવરની ખાલી જગ્યા ઉપર રોસ્ટરક્રમાનુંસાર નિમણુંક આપવા બાબતના રીપોર્ટની નકલ, કમિશ્નરશ્રીને તા.૨૩–૧૨–૦૯ ના રોજ કરેલ રીપોર્ટની નકલ, ડે.કમિશ્નરશ્રી (પઅને ઈ)ને કરેલ રીપોર્ટની નકલ, કમિશ્નરશ્રીને તા.૮–૨–૧૦ ના રોજ કરેલ રીપોર્ટની નકલ, ડ્રાઈવરની ઉપલબ્ધ પ્રતિક્ષાયાદીમાંથી રોસ્ટર મુજબ નિમણુંક આપવા બાબતના રીપોર્ટની નકલ, નં.જીએડી/ઈએસટી/૬૧૭ તા.૫–૬–૦૯ ના કચેરી હુકમની નકલ, નં.જીએડી/ઈએસટી/૧૬૪૬ તા.૩૧–૮–૦૯ ના કચેરી હુકમની નકલ, નં.જીએડી/ઈએસટી/૪૧૪૩ તા.૨૩–૩–૧૦ ના કચેરી હુકમની નકલ, નં.જીએડી/ઈએસટી/૧૨૧૭ તા.૧૪–૭–૧૦ ના કચેરી હુકમની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ સ્ટોર તરફથી કોઈ પુરક વિગત અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી નં.જીએડી/ઈએસ ટી/૨૭૬૬ તા.૧૮–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, દસ્તાવેજી ફી રૂા.૨૨/– ભર્યાની રસીદની નકલ, દસ્તાવેજી ફી ભરવા અંગેની જાણ કરતા પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ સ્ટોર ના પત્ર નં.સીએસ/૮૬૦/૧ તા.૧૯–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, નં.જીએડી/ઈએસટી/૨૮૧૬ તા.૨૭–૧૧–૧૧ થી આપેલ નકલ ની જાણ કરતા પત્રની નકલ, ૬ ડ્રાયવરોની નિમણુંક બાબતે કમિશ્નરશ્રીની તા.૨૧–૨–૧૧ ની મંજુરીના રીપોર્ટની નકલ, કચેરી હુકમ નં.જીએડી/ ઈએસટી/ ૪૦૨૬ તા.૨૫–૨–૧૧ ની નકલ, ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૪–૧૦–૧૧ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જાહેર માહિતી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૮૪ તા.૨૪–૧૦–૧૧થી પી.ઓ શ્રી મધ્યસ્થ મહેકમ તથા સ્ટોર સુપ્રિ. મધ્યસ્થ સ્ટોરને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૬૬ તા.૧૮–૧૧–૧૧ થી સમય અવધિમાં માહિતી પુરી પાડવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ સ્ટોર ના પત્ર નં.સી.એસ/૮૬૦/૧ તા.૧૯–૧૧–૧૧ થી સમય અવધિમા માહિતી પુરી પાડવામાં

આવેલ. જેમાં અરજદારની અરજીમાં  મુદ્દા નં.૧ શ્રી પી.ડી. મુન્શી સ્ટોર સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી આપશ્રીએ આપે અરજદારની આગળની આર.ટીઆઈ એકટ –૨૦૦૫ ની હેવી વ્હીકલ ડ્રાઈવરોની માહિતી આપેલ નથી અને તા.૩૦–૯–૧૧ ના પત્ર નં.સી.એસ. ૪૪૪ થી માહિતીમાં 'નીલ' ડ્રાઈવર વ્હીકલ જણાવવા અને અમો અરજદાર પાસે ૨૪ રૂા. ફી ભરાવીને અપીલ અરજી બાદ તા.૧૮–૧૦–૧૧ ના પત્ર નં.સી.એસ/૪૯૦ તા.૫–૬–૦૯ સુધીની ૨૧૮ હેવી વ્હીકલ ડ્રાઈવરોની અધુરી માહિતી આપવા અંગેની કોના હુકમથી, કોના ઈશારે આ અધુરી માહિતી આપવા અંગેની માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી  સેન્ટ્રલ સ્ટોર તરફથી  સેન્ટ્રલ સ્ટોરની કચેરીએથી કોઈપણ પ્રકારના ડ્રાઈવરોની પસંદગી કરી નિમણુંક કરવામાં આવી નથી. જે તેમની જાણ માટે તેમજ  સેન્ટ્રલ સ્ટોરના પત્ર ક્રમાંક  નં.સીએસ/ડબલ્યુએસી/૪૪૪ તા.૩૦–૯–૧૧ થી જે 'નીલ' માહિતી દર્શાવેલ છે તે અંગે સેન્ટ્રલ સ્ટોર ખાતામાં હાલમાં કોઈ ડ્રાઈવર ફરજ બજાવતા નથી કે સુ.મ.પા. ધ્વારા સેન્ટ્રલ સ્ટોર ખાતે કોઈ વ્હીકલ ફાળવવામાં આવેલ નથી. તેવુ જણાવેલ.

મુદ્દા નં.૨ આપશ્રીએ ઉપરોકત માહિતીની અધુરી નકલ થી અમો અરજદારને ઈરાદાપુર્વક જાણી જોઈને ગેરમાર્ગે દોરવાનો અને કુલ ૨૨૪ ડ્રાઈવરોની નિમણુંકમાં કૌંભાડ , ભષ્ટ્રાચારમાં આપશ્રીએ પણ પોતાની સામેલગીરી જણાવેલ છે. જેની સ્પષ્ટતા સહીત માહિતી ની નકલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી  સેન્ટ્રલ સ્ટોર તરફથી અરજદારને રૂા.૨૪/– નકલ ફી ભરપાઈ કરાવીને માહિતી આપવામાં આવેલ છે. જે માહિતી ડે.કમિશ્નરશ્રી (૫ અને ઈ) ના કચેરી હુકમ નં.(૧) જીએડી/ઈએસટી/૬૧૭ તા.૫–૬–૦૯ તેમજ (૨) ડે.કમિશ્નરશ્રી (૫ અને ઈ) ના કચેરી હુકમ નં. જીએડી/ઈએસટી/૧૬૪૬ તા.૩૧–૮–૦૯ મુજબ મહેકમ વિભાગ તરફથી નિમણુંકના કે બદલીના હુકમ થયેલ તેજ માહિતીની નકલો તેમને પુરી પાડવામા આવેલ છે. જેથી આપને ગેરમાર્ગે દોરવાનો કોઈ પ્રશ્ન થતો નથી. તેવુ અરજદારને જણાવેલ.

મુદ્દા નં. ૩ આપશ્રીની કચેરીનાં પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ વિભાગના તા.૩–૧૦–૧૧ ના પત્ર નં.જીએડી/ઈએસ ટી/૨૨૮૧ થી ૭૫૬ વ્હીકલ જણાવેલ છે જેના વ્હીકલના નામ, નંબર સહિતની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી  સદર મુદ્દામાં  જણાવેલ પત્ર નંબરથી અરજદારને મધ્યસ્થ મહેકમ ખાતા ધ્વારા ૭૫૬ વ્હીકલની માહિતી આપવામાં આવેલ નથી. પરંતુ આપની આ અગાઉની આરટીઆઈ એકટ હેઠળની આઈ.ડી. નં.૭૬૫ તા.૨–૯–૧૧ ની અરજીના અનુસંધાનમાં અરજીના મુદ્દા નં.૫ (આંશિક) ની માહિતીના સંદર્ભમાં ૨૧૮ હેવી વ્હીકલ ડ્રાયવરોની નિમણુંક જુદા જુદા ઝોન/વિભાગોમાં જે કચેરી હુકમોથી કરવામાં આવેલ તેની નકલ પુરી પાડવામાં આવેલ છે. તથા આપના ધ્વારા માંગેલ સદરહુ તાલીમાર્થી ડ્રાયવરના નામ, કર્મચારી નંબર, ઝોન/વિભાગ તથા વ્હીકલના નામ સંદર્ભેની માહિતી અર્થે મહેકમ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૯૮૪ તા.૧૩–૯–૧૧ થી લાગત ઝોન/વિભાગોમાં ડ્રાયવરોની ફાળવણીના હુકમો કરવામાં આવે છે. જેની નકલ આપને ઉપરોકત પત્ર સાથે પુરી પાડવામાં આવેલ છે. જયારે જે તે ઝોન/વિભાગમાં ફાળવવામાં આવેલ ડ્રાઈવરોના નામ, કર્મચારી નંબર, ફાળવવામાં આવેલ વ્હીકલનું નામ, નંબર સહિતની વિગતવાર માહિતી લાગત જે તે ઝોન/વિભાગમાંથી જ મળી શકે તેમ હોય મધ્યસ્થ મહેકમ ખાતેથી ઉપરોકત જણાવ્યા મુજબ અરજી તબદીલ કરવામાં આવેલ હતી. તેવુ જણાવેલ.

મુદ્દા નં.૪ પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ વિભાગના તા.૩–૧૦–૧૧ ના પત્ર નં.જીએડી /ઈએસટી/૨૨૮૧ થી  કુલ ૨૨૪ ડ્રાઈવરોની સંખ્યા જણાતી નથી. જેથી સદર પત્રની બીજી વધારાની ધટતા ડ્રાઈવરોની પુરતી અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી તેમની રજુઆત સંદર્ભે આઈ.ડી. નં.૭૫૬ તા.૨–૯–૧૧ની અરજીમાં અરજીના મુદ્દા નં.૨ કુલ ૨૧૮ હેવી વ્હીકલ ડ્રાયવરોની જરૂર ન હોવા છતાં પસંદગી કરી અને નિમણુંક પર્સોનલ ઓફિસર (મહેકમ–રીક્રુટમેન્ટે)આપી જેની સ્પષ્ટતા અંગેની માહિતીની નકલની માહિતીના અનુસંધાનમાં મધ્યસ્થ મહેકમ ખાતેથી ઉપરોકત પત્ર નં.જીએડી /ઈએસટી/૨૨૮૧ તા.૩–૧૦–૧૧ થી ૨૧૮ ડ્રાયવરોની નિમણુંકને લગતી મ્યુ.કમિશ્નરશ્રીની જુદી જુદી મંજુરીની નકલો આપવામાં આવેલ હતી. જેમા તેમના ધ્વારા ૨૨૪ ડ્રાયવરોની નિમણુંક અંગેની માહિતીની માંગણી કરેલ ન હતી. તેમ છતાં આ અરજીમાં જણાવ્યા મુજબ ૨૨૪ ડ્રાયવરોની માહિતી સંદર્ભે આ અગાઉ ઉપર જણાવ્યા મુજબ આપેલ ૨૧૮ ડ્રાયવરોની માહિતી સિવાયના બાકી ૬ ડ્રાયવરોની આપેલ નિમણુંક બાબતે કમિશ્નરશ્રીની મંજુરીની વિગત આ અગાઉ તેમની આઈ.ડી. નં.૯૫ તા.૨૫–૪–૧૧ ની માહિતીના સંદર્ભમાં અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૬૦ તા.૧૮–૫–૧૦ થી નિયમોનુંસાર નકલ ફી ભરપાઈ કર્યેથી મેળવી લેવા  જણાવવામાં આવેલ. જેના અનુસંધાનમાં આપશ્રીએ રૂબરૂ ચકાસણી માટે માંગણી કરતા મધ્યસ્થ મહેકમ ખાતેથી તેમને પત્ર નં.જીએડી/ઈએસટી/૮૦૨ તા.૮–૬–૧૧ થી રૂબરૂ ચકાસણી માટે તા.૧૩–૬–૧૧ ના રોજ પત્રમાં જણાવેલ સમયે હાજર રહેવા જણાવેલ, પરંતુ આપ  સદરહુ દિને રૂબરૂ ચકાસણી માટે હાજર થયેલ ન હતા. તેમ છતાં આપને આ અરજીના સંદર્ભમાં ૬ ડ્રાયવરોની નિમણુંક આપવા સંદર્ભેની મંજુરીની નકલ તથા નિમણુંક અંગેના કચેરી હુકમની નકલ આ સાથે સામેલ નકલ ફી ભરવા બાબતના પત્ર મુજબ નિયમોનુસાર નકલ ફી ભરપાઈ કર્યેથી મેળવી શકશો. તેવુ જણાવેલ.

મુદ્દા નં.૫ પર્સોનેલ ઓફિસર –મધ્યસ્થ મહેકમ વિભાગના તા.૧૯–૧૦–૧૧ ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૨૪૯૮ ના અમો અરજદારના મુદ્દા નં.૨ ના પ્રત્યુત્તરમાં જણાવેલ છે કે કમિશ્નરશ્રીની તા.૨૧–૨–૧૧ ની મંજુરીથી છ ડ્રાઈવરોની નિમણુંક કચેરી હુકમ નં.૪૦૨૬ તા.૨૫–૨–૧૧ થી નિમણુંક કરવામાં આવી છે જયારે પ્રતિક્ષાયાદીની છેલ્લી તા.૬–૨–૧૧ ના રોજની હોવાથી આ નિમણુંક ગેરકાયદેસરની કરેલ છે. જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી સ્ટાફ સીલેકશન સમિતિ ધ્વારા તૈયાર કરાયેલ ડ્રાયવરોની પ્રતિક્ષાયાદી તા.૬–૨–૦૯, નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા અર્થે સેકશન ઓફિસર (આર) ધ્વારા નં.જીએડી/ઈએસટી/આર/૧૦૯૮ તા.૨–૩–૦૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને મોકલવામાં આવેલ. જે મધ્યસ્થ કચેરીના નોટીસ બોર્ડ ઉપર તા.૨–૩–૦૯ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. સુરત મહાનગરપાલિકાની પ્રણાલિકા અનુસાર પ્રતિક્ષા યાદી પ્રસિધ્ધ થયાની તારીખથી બે વર્ષ સુધી અમલમાં રહે છે. સદરહુ પ્રતિક્ષાયાદી તા.૨–૩–૦૯ ના રોજ પ્રસિધ્ધ થયેલ હોય તેની મુદત તા.૧–૩–૧૧ સુધીની રહે છે. સદરહુ પ્રતિક્ષાયાદીની નકલ આ સાથે સામેલ નકલ ફી ભરવા બાબતના પત્ર મુજબ નિયમોનુસાર ફી ભરપાઈ કર્યેથી મેળવી શકશો. તેવુ જણાવેલ.

અરજદારે અપારદર્શી, અયોગ્ય અને અસત્ય માહિતીથી નારાજ થઈ તા.૨૬–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારે અપિલ તબકકે મુદ્દા નં.૩,૪ અને ૫ અંગેની માહિતી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને જાહેર માહિતી અધિકારીએ અપારદર્શિ, અપુરતી અને અસત્ય નમુના 'ગ' ના નિયમ ૪(૧) થી તા.૧૮–૧૧–૧૧ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૬૬ થી આપેલ છે.જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમે તા.૧૮–૧૧–૧૧ ના પત્ર નં.જીએડી/ઈએસ ટી /૨૭૬૭ થી નમુના 'ખ' ના નિયમ ૩(૩) થી અમો અરજદારે માંગેલ માહિતીના મુદ્દા વગરની માહિતીની નકલનાં રૂા.૨૨/– ફી ભરવાનું જણાવેલ જે અમો અરજદારે તા.૧૯–૧૧–૧૧ ની રસીદ નં.૯૨૮૦૬ થી ભરી દીધેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ના પુરક પત્રમાં જણાવ્યા મુજબ અરજદારે નકલ ફીના રૂા.૨૨/– ભરવામાં આવતા પત્ર નં.જીએડી/ઈએસટી/૨૮૧૬ તા.૨૨–૧૨–૧૧ થી મુદ્દા નં.૪ અને ૫ ની લાગત માહિતી/દસ્તાવેજની મધ્યસ્થ મહેકમના રેકર્ડ પર ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતીની નકલ પુરી પાડવામાં આવી છે. તેવુ જણાવેલ.

ત્યાર બાદ મુદ્દા નં.૪ અને ૫ અંગેની માહિતીમાં મુદ્દા નં.૪ અંગેની માહિતીમાં સામાન્ય સભાનાં ઠરાવ નં.૨૩૧/૦૩ તા.૨૫–૨–૧૧ ૬ વધારાના હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણુંકમાં પ્રથમશ્રેણીકલાર્કશ્રી એ.જે.દેસાઈ, સેકશન ઓફિસર (મહેકમ)પર્સોનલ ઓફિસરશ્રી(મહેકમ), ડે.ક.(પઅનેઈ)તથા અન્ય અધિકારીઓ સાથે એસ.એમ.સી.નાં મ.એસ.અપર્ણા કમિશ્નરશ્રીની સહી સાથેનો પત્યુત્તર પાઠવેલ છે. મુદ્દા નં.૫ નાં પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૬૬ માં પ્રતિક્ષાયાદી તા.૬–૨–૦૯ ના રોજ એસ.એમ.સીના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરેલ સદર પ્રતિક્ષાયાદી પ્રસિધ્ધ થયાની તા.૧–૩–૧૧ સુધી નહિં પરંતુ બે વર્ષ બાદ તા.૫–૨–૧૧ ના રોજ સુધી જ છે. તેની મુદત તા.૧–૩–૧૧ ના રોજ સુધી થતી નથી. જેથી ૬ ડ્રાઈવરોની નિમણુંક બોગસ હુકમ નં.૪૦૨૩ તા.૨૫–૨–૧૧ થી ગેરકાયદેસર કરેલ છે. તેવું જણાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૪૩૩ તા.૧૩–૧–૧૨ માં અરજદારને પાઠવવામાં આવેલ પ્રતિક્ષાયાદીની નકલ સ્વયં સ્પષ્ટ છે. જે પ્રતિક્ષાયાદી મધ્યસ્થ મહેકમ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સેકશન ઓફિસર (આર)ના આ.નં.જીએડી/ઈએસટી/આર/૧૦૫૮ તા.૨–૩–૦૯ થી મોકલવામાં આવેલ તથા મહેકમ વિભાગના ઈનવર્ડ નં.૬૩૫૫ તા.૨–૩–૦૯ થી નોંધાયેલ છે અને પ્રતિક્ષાયાદીના અંતિમ પાના ઉપર નોટીસ બોર્ડ ઉપર પસિધ્ધ કર્યુ તા.૨–૩–૦૯ પર્સોનલ ઓફિસર (મહેકમ) ની સહી કર્યા તા.૨–૩–૦૯ દર્શાવેલ છે. આથી વિવાદને કોઈ સ્થાન નથી.

અરજદારને અપીલ તબકકે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૬ તા.૪–૧–૧૨ થી અરજદારે મુળ અરજીની માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત જણાવેલ ન હોઈ તે રજૂ કરવા સાથે મુદ્દાવાર જાહેર માહિતી અધિકારી દીઠ નારાજગીની વિગતો આધાર સહ મળેલ માહિતી પૂરતું રજૂ કરવા તેમજ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ફી ભરી માહિતી આપે મેળવેલ છે કે કેમ ? તે પણ સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે નકલની ફી રૂા.૨૨/– ભરી માહિતી મેળવેલ છે. તેવુ જણાવેલ. પરંતુ અપીલ તબકકેની તેમની રજુઆત બાબતે કોઈ આધાર/પુરાવા રજુ કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧૦–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતુ નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,

(૧) પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)/ ઈ.ચા. સ્ટોર સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર)....જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર